"આ મોહમ્મદીયા અરબીયા રાંદેરની શાખા ઈશાઅતુલ ઇસ્લામ નંબર ૧૩

ખુદા પાક ફરમાવે છે

ખરેખર દીન (સત્ય ધર્મ) અલ્લાહપાકના નજીક માત્ર ઈસલામ છે."

સુરા આલે ઇમરાન રૂકુ ૨,

આર્ય ધર્મનું ખંડન

—:અને:—

ઈસ્લામનું મંડન.

આ જવાબો પ્રસિદ્ધ કર્તા

ફરઝંદ મુહીઉદ્દીન બિન હજરત મોલાના કાઝી હાફિઝ ઈસમાઈલ

મેનેજર— મજમા મોહમ્મદીયા અરબીયા.

રાંદેર, જી. સુરત.

જેને છપાવીને નડીઆદના "ધી ન્યુ સમાચાર પ્રીન્ટીંગ [illegible] [illegible] નમકહલાલ' [illegible].

માસ શાબાન સને ૧૩૪૮ હિજરી.

આવૃત્તિ ત્રીજી ભેટ પ્રત ૨૦૦૦

અમદાવાદ મીરઝાપુરના મુસલમાનો તરફથી (ભેટ)

આર્યધર્મનું ખંડન અને ઇસ્લામનું મંડન.

શુરુ ખુદાના નામથી જે મોટો મહેરબાન રહમકર્ત્તા છે.

સર્વ સ્તુતિ તે પવિત્ર ખુદા માટે છે કે જે હમેશાથી છે. અને હમેશાં રહેશે. અને દરૂદ તથા સલામ તે જાનપર થાઓ કે જેવણ ખુદા તરફથી પ્રકાશ થઇલા ચીરાગ થઇ દુન્યામાં પધાર્યા હતા અને ભલા માણસોના દિલોમાં નુરનું અજવાળું ફેલાવી આપ્યુ અને જેવણનું પવિત્ર નામ મોહમ્મદ છે. **સલવાતુલ્લાહ અલેહે વઅલા આલેહી વ-અસહાબેહી ઇલા યવમિદ્દીન.**

એ પછી ખાદેમે કોમ મોહમ્મદ હુસૈન રાંદેરી ગુજરાત દેશના મુસલમાન ભાઇઓની ખિદમતમાં અરજ કરે છે કે એક મુદ્દતથી **આર્ય સમાજવાળાઓએ ઇસલામ મટાડવાનો મનસુબો બાંધ્યો છે.** અને વખતો વખત એ વિષે તેઓ પોતાની પુરી કોશિષો કરતા રહે છે. પણ જે ઇસલામનો સંભાળનાર રબ્બુલ-આલમીન (અલ્લાહ) હોય ત્યારે શું આ નાપાક અપવિત્ર હમતિ ધરાવનાર પુરૂષોથી મટી જશેઃ ? કદી નહી.

“ હઇ ખિયાલસ્તો મહાલસ્તો જોનુ ”

તેઓએ જ્યારે જ્યારે ઇસલામીઓ સાથે મુકાબલો (વાદવિવાદ) કીધો ત્યારે તેઓને તેઓના ફાળામાં શરમવાઇ તથા નહાસવા સિવાય બીજુ કાંઇ આવ્યું નથી પણ માણસ જ્યારે બેશરમી અખ્તિયાર કરી નફ્ટ થઇ જાય છે ત્યારે તે ચાહે તે કરી બેસે છે.

આજકાલના ચાલુ દિવસોમાં પણ તેઓએ પોતાની જુની ટેવ પ્રમાણે આગ્રહ, મથુરા વિગેરે જીલ્લાઓમાં ઇસલામનો મુકાબલો કર્યો હતો અને ત્યાંના ઇસલામી ઉલમાઓથી હારી નીચું જોઇ નહાસ્યા હતા અને ફાયદો મેળવવાની જગ્યા સખત નુકસાની ઉઠાવવી પડી હતી, તે આ છે કે જ્યારે તેઓના પ્રચારકોએ ઇસલામની સચ્ચાઇ તથા તેનું સત્યપણા વિષેના ભાષણો ઇસ્લામી ઓલમાઓથી સાંભળ્યાં તો તેઓમાંથી કેટલાંક ઇસલામના ગુલામ થઇ ગયાં હતા (મુસલમાન બની ગયા હતા) અને જે કાંઇ થયું તે કાંઇ જોર જુલમથી થયું નથી.

જ્યારે તે જગ્યાઓમાં તેઓનુ કાંઇ વળ્યું નહીં અને કામયાબ નહીં થયા અને મદદ તથા ફતેહ-ઇસલામને મળી ત્યારે હવે મોઢું ગુજરાત દેશ તરફ ફેરવ્યું અને ગુજરાતમાં જે તેઓએ પોતાના ધર્મ ફેલાવવાની હીલચાલ

કરી છે તે આપ સાહેબોને છાપાઓથી જણાશે (ખુદાપાક તેઓને વધુ કુસવા કરે અને તેઓના કરેલાનો ફળ તેઓને ચખાડે.)

પણ સારી રીતે યાદ રાખશો કે મુસલમાનો એવા નિરબળ નથી કે તેઓના આવા **લચર ધર્મને** કબુલ કરી લેશે. ? કદી નહીં.

અને આ જે તેઓની હીલચાલ છે એથી ઇસલામીઓને કાંઇ પણ નુકસાન થવાનું નથી એટલુંજ નહીં પણ એથી તો તેઓ પોતાના **ધરમથી** સારી રીતે વાકેફ થઇ જશે. અને ઇસલામમાં પાકા થઇ જશે, વળી પોતાની બેભાન નીન્દથી જાગી જશે. મતલબ કે આ તેઓની હીલચાલ ઇન્શાઅલ્લાહ ઇસલામ માટે નુકશાન કારક નથી. પણ ઘણી રીતે એ મુળ ફાયદો આપનારી વસ્તુ સમાન થઇ પડશે.

હવે હું આપ સાહેબોની સામે ઇસલામ તથા આર્ય ધર્મ બન્નેના બતાવેલા ધર્મબોધના (અકીદાઆનો) મુળનો નમુનો જાહેર કરી આપું છું અને તેની સાથે આ પણ દેખાડવા ચાહું છું કે બન્નેમાં ખુદાઇ ધર્મ કયો અને માણસે બનાવેલો ધર્મ કયો છે. તમોજ ઇન્સાફ કરી લેશો (ખુદાજ મને બસ છે અને તેજ સારૂં કામ કરી આપનાર છે. અને એ બાબતની હું તેનીજ પાસે મદદ ચાહું છું.)

આર્યો મુસલમાનોને અને મુસલમાનો આર્યોને કહે છે કે ! **તમો તે પિયારા ખોદાની" ઓળખમાં અધુરા રહ્યા છો.** અને બન્ને એમ ચાહે છે કે તે પિયારાની એટલે ખોદાએ કુદદુસની ઓળખ કે જ્યાં સુધી પહોંચી શકતી નથી મેળવવી જોઇએ. જેના વિષે તેઓ અમને કહે છે કે તમો તેના માર્ગથી ભટકેલા છો. અને હમો તેઓને કહીએ છીએ. કે તમો ભટકેલા છો. અને વાત ઘણી નાની છે. જો એનો ચુકાદો અને ફેંસલો થાય તો હમે બન્ને જુદા ધર્મવાળા એકજ માર્ગે ચાલીશું.

આર્યો અને હમો આ વાતમાં તો એક મતે છીએ કે બુત પ્રસ્તિ (મૂર્તિ પૂજા) નહીં કરવી જોઇએ. હવે જે છે, તે ખોદાપાકની પવિત્ર ઝાત તથા તેના પવિત્ર ગુણો (સિફાત) વિષે મતફેર ચાલે છે.

ખોદાપાકની **ઝાત** અને તેની કેટલીક **સિફાતો** (ગુણો) વિષે કેટલીક તે વાતો છે કે જેને આર્યોએ માનેલી છે અને હજુ પણ તેઓ માનતા ચાલ્યા આવેલા છે. અને જુઓ તો તેઓનું તેવું માનવું તે પાક માલિકના ઉંચા રૂતબાને યોગ્ય નથી, એટલુંજ નહીં પણ તેમ માનવાથી તેના મરતબામાં તેનો ઘટાડો થાય છે અને તેથી તે ખુદા ! ખુદા રહેતો નથી.

જ્યારે જે મજહબ તથા જે ધર્મના અકીદાઓમાં એવી વાતો હોય તેથી ખુદાએ કુદદ્દસ (પવિત્ર ખુદા) અને ખરા માલિકની મોટાઇ રહે નહી અને તેને એક સાધારણ માણસ જેવો મનાવે જાય ત્યારે શું તેવો ધર્મ સ્વિકારવા લાયક છે ? પરંતુ તેથી ખરાબ નઠારો અને વધુ ખોટો ધર્મ બીજો કોઇ હશે નહીં કે જેમાં ખાલેક મખલુક (ઉત્પન્ન કરનારો અને ઉત્પન્ન થનારો) તથા માલિક અને મમલુક (એટલે માલેક અને માલકીપણાની વસ્તુમાં) કાંઇજ ફરક ન હોય ત્યારે શું તેવા ધર્મને કોઇની પણ અક્કલ કબુલ રાખશે કે ? કદી નહીં.

આર્ય ધરમના તે ખોટા અકીદાઓ કે જેને માણસ પોતાનો ધરમ સમજી બેસે જેનો નમુનો નીચે છે ત્યાર પછી તે આર્યો થયા પહેલાનો પાપી (નવો આર્યો) સત્ય માર્ગ તથા મુક્તિ માર્ગ મેળવનાર થાયજ કયાંથી કે જેને તમો આર્યો અશુદ્ધીથી શુદ્ધીમાં લાવવાના શબ્દે ચરચાઓ છો ? જવાબ આપો

આર્યોના અકીદાઓ.

૧ આર્યોનો આ અકીદો છે કે ખુદા અને પ્રકૃતિ (માદદો) અને જીવ (રૂહ) અનાદી તથા કદીમ છે. અને પરવરિશ તથા પાલવાના ગુણમાં તેમ બીજા ગુણોમાં તે ત્રેવમાં કાંઇ ફેર નથી (એટલે સર્વના ગુણો એકજ રીતે છે) ઉર્દુ સત્યાર્થ પ્રકાશ પ્રષ્ઠ ૭૪ લીટી ૨૨

૨ આર્યો અને દયાનંદજી આ વાતનો આકીદો રાખે છે કે કુદરતી ઉસુલને (એટલે કુદરતી રૂઢી પ્રમાણે જેમ દુન્યા ચાલી આવે છે) તેને ખુદા ફેરફાર કરી શકતો નથી જેમકે અગ્નિની ગરમી પાણીની ઠંડક વિગેરે જેટલી વસ્તુઓ માદદી (પ્રકૃતિ) છે તેઓના રખાયલા ગુણોને તથા તાસીરોને પ્રમેશ્વર પલટાવી ઉલટું કરી શકતો નથી સત્યાર્થ પ્રકાશ આવૃત્તિ બીજી પુષ્ઠ ૮૬

૩ સત્યાર્થ પ્રકાશમાં છે કે ખુદા ઇલ્લત વગર મઅલુલને ઉત્પન્ન કરી શકતો નથી. (એટલે કોઇ ચીજના ઉત્પન્ન કરવામાં આગળ જ્યાં સુધી પહેલી કોઇ ચીજ ન હોય ત્યાં સુધી આ બીજી વસ્તુને "ખુદા" ઉત્પન્ન કરી શકતો નથી. મતલબ આ છે કે તેની કાંઇ પણ જડ હોવા વિના ખુદા નેસતીથી હસતીમાં લાવી શકતો નથી

૪ સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૨૯૩ લીટી ૬ ઉપર છે કે પરમેશ્વરને ત્રણેવ ઝમાના (ત્રીકાળ) નો જાણનાર કહેવું તદન જહાલત (મુર્ખાઇ) નું કામ છે.

૫ સત્યાર્થ પ્રકાશમાં છે કે ખુદા પાપીના પાપને વગર સઝા આપે માફ કરી શકતો નથી, મતલબ આ છે કે ઉમર ભરમાં જે તેણે પાપ કર્યો હશે તેની સઝા તેને જરૂર ભોગવવીજ પડશે.

હવે આપણે ઇસલામી અકીદાઓને તપાસીએ અને તેના પણ નમુનાઓ તમારી સામે લખું છું. જેથી તમને સત્ય શું છે તે જણાય આવશે,

ઇસલામી અકાએદ

૧ કુરઆન શરીફમાં છે કે ખુદાના ગુણોમાં કોઇ ભાગીદાર નથી અને તે સિવાય કોઇ અનાદી (કદીમ) નથી.

૨ કુરઆન શરીફમાં છે કે અલ્લાહ તઆલાને દરેક રીતે શક્તિ છે. જેમકે જે વસ્તુને તેના કાર્ય જેવા તેને ગુણો આપી ઉત્પન્ન કર્યા છે. તેમજ તેના ગુણોને તે તેમાંથી નેસત અને નાબુદ પણ કરી શકે છે." જેમકે અગ્નિમાંથી તેની ગરમી અને પાણીમાંથી તેની સરદી દૂર કરી શકે છે.

૩ કુરઆન શરીફ શીખવે છે કે ખુદાજ નેસતીથી હસતીમાં લાવનાર છે.

૪ કુરઆન શરીફમાં છે કે તે માલેક ત્રણેવ ઝમાનાનો જાણકાર એટલુંજ નહીં પણ સર્વ ઉત્પન્ન થનારી વસ્તુઓનો જાણકાર છે. તેની જાણથી ત્રીકાળની કોઈ વસ્તુ વેગળી નથી.

૫ કોઇ ગમે તેવો ગુન્હો (પાપ) કરે અને ખુદાની તોબા કરી તેની માફી ચાહે તો તે બદલો લીધા વગર માફ કરી શકે છે. (કુરઆન શરીફ.)

મજકુર પાંચ અકીદાઓ આર્યોના તેમજ મુસલમાનોનાં એક મુનસિફ માણસની સામે લખી જાહેર કીધાં છે. તે વાંચી જાણી શકે છે કે ખુદાનું દયાળું હોવું અને તેની પવિત્રાઇ અને તેની મોટાઇ કયા ધર્મમાં લખાયાં છે. આર્યોના તે પાંચ નંબરો જે આપની સામે મુકાયા છે તે તો માત્ર નમુના દાખલ છે નહીં તો તેઓના બધાંજ એવા એવા અકીદાઓ છે કે તેથી ખુદા ખુદાજ રહેતો નથી અને દુન્યાની વસ્તુઓ કરતાં પણ નિર્બળ તથા અશક્ત થઇ પડે છે.

જે જમાઅતમાં ખુદાની મોટાઇ અને તેની ઉંચ તથા તેનું માન ન હોય તે જમાઅત (ટોલું) કદી સત્ય માર્ગ ઉપર થઇ શકતું નથી. એટલુંજ નહીં પણ તે ગુમરાહ તથા ભટકેલાં છે.

એ વતરેક બીજું વિચારવાનું આ છે કે આર્ય ધર્મમાં પાપો માફ થઇ શકતા નથી ત્યારે તે પાપની સજા ભોગવવી નક્કીજ થઇ અને તે

મક્કામાં બીલાડું, કુતરૂં, સુવ્વર, કુક્કર, ગધેડું બનવું પડશે તો પછી આ ધર્મને બીજા ધર્મવાળો જેમકે મુસલમાન શા માટે કબુલ કરીલે—કારણ કે એક ધર્મ છોડી બીજા ધર્મને માણસ ત્યારેજ પસંદ કરે છે કે બીજો ધર્મ તેને નજાત તથા મુક્તિ અપાવતો હોય અને આગલો ધર્મ મુક્તિ અપાવતો ન હોય તો હવે એક મુસલમાન કે જેણે એક લાંબી મુદત સુધી ખુદાને એકજ જાણ્યો તથા કદીમ—અઝલી એટલે અનાદી તેનેજ માનતો રહ્યો અને ખુદાના જે જે ગુણો છે તેઓને વિશેષ કરી માત્ર તેમાજ માન્યા અને અનબિયા (અલૈ) તથા ખાતેમુન નબીય્યીન હજરત મોહમદ મુસ્તફા (સલ)ને ખુદાના રસુલ સમજ્યા અને આસમાની સર્વ કિતાબોને સત્ય માની હોય અને કુરઆન શરીફને ખુદાની કીતાબ માની હોય અને ફરિશતા તથા કેયામતના દિવસ અને તકદીર ઉપર ઇમાન લાવ્યો હોય તો હવે તે મુસલમાન આર્યોના અકીદા મુજબ સખત પાપી છે. અને ખુદાને ભુલેલો તથા ખોટા માર્ગ ઉપર ચાલેલો છે અને તેણે તે મુદતમાં તરેહ તરેહનું ગોશત તથા ચરબીઓનું તિક્કા કબાબ ભુંજી ભુંજીને ઉડાવ્યા કીધું છે. ત્યારે હવે એના આ પાપનું કાંઇ ઠેકાણું છે એટલુંજ નહીં પણ તે ઘણો પાપી અને ગુન્હાગાર છે દુન્યામાં તેથી વધુ પાપી બીજો કોઈ નથી. હવે તેવો માણસ જો આર્યો થયો (ખુદાની પનાહ) તો તે કયા ફાયદા માટે દુન્યાનું નુકસાન તો આ છે કે ગોશત છુટું અને મરવા પછી આખેરતનું નુકસાન આ છે કે તે મરીને સુવ્વર કુક્કર થવાનો ત્યારે જે ધર્મમાં ખુદાની નેઅમતો ખાવાથી અભાગ્ય રહેવું અને મરવા પછી સુવ્વર કુતરો વિગેરે બનવું પડે તેને માણસ કેમ કબુલ રાખશે? કદી નહીં.

હવે જરા ઇસલામી શિખામણ જોઇ લો.

(પારહ ફમન અઝલમ રૈકુ ૩) ખુદા પાક ફરમાવે છે "ઓ મહારા ગુન્હાગાર બંદાઓ મારી રહમતથી તમો નાઉમ્મેદ નહીં થઇ જાઓ ખરેખર બધાં ગુન્હા બક્ષી દેશે અને ખરેખર તે ખુદા મોટો મહેરબાન અને દયાળુ છે" અને આ આયત તે વેળા નાઝિલ થઇ કે જ્યારે મક્કાના કાફરોએ ઇસલામ ધર્મ સ્વીકારવાનો ઇરાદો કર્યો હતો ત્યારે તેઓએ જનાબ મોહમ્મદ મુસ્તફા (સલ) થી પૂછ્યું કે જો હુમો ઇસ્લામ લાવીએ તો શું હમારા આગલા ગુન્હાઓ જે હમોએ કર્યા છે જેમકે બુત પ્રસ્તિ (મુર્તિપુજા) વિગેરે તે માફ થશે કે નહીં? જો માફ થાય નહીં તો હમને ઇસલામની કાંઈ જરૂરત નથી. કારણ કે ફરી ઇસલામ કબુલ કરવાથી લાભ શું થયો!

અને જો માફ થાય તો ખરેખર હમો ઇસલામ લાવીએ છીએ. તે વેળા આ આયત નાઝિલ થઇ હતી અને ફરમાવી દીધું કે તે બધાં આગલા ગુન્હાઓને ઇસલમનો કલમો મટાવી દેશે ત્યારે તે લોકો મુસલમાન થયા અને ઇસ્લામની સચ્ચાઇ તેઓના દિલો ઉપર જમી ગઇ.

હવે પાછા આપણે આર્ય ધર્મની ચોપાટી ઉપર જરા નીગાહ નાંખી તેઓના દિલ બેહલાવનાર રચેલા માર્ગને તપાસીએ તો કાંઇ વધુ સાર જોવાનો મળશે. આર્ય ધર્મ એક એવો ધર્મ છે કે એમાં જો કોઇ હોશિયાર માણસ પોતાના ઉડા વિચારથી જેમ જેમ ખોળ કરતો જશે તેમ તેમ તેને એમાં તદ્દન પોકળ જણાશે અને એ ઉપર પોતાની ધીકાર ભરી હંમેશની નીગાહ નાખવા વિના રહેશે નહીં.

હમો તમને એઓના ઘઢી કહાડેલા મસલાઓમાં નિગાહ નાખવા અરજ કરીએ છીએ જોઇ લો શું મઝાનો તે મસલો છે, અને તે નિયોગનો મસલો છે કે જરૂરત હોય તો કોઇ સ્ત્રિને રાજી કરવા નજરબાજીથી ઇશારો કરી તેના ઘરમાં જઈ રાતના આરામ કરી લે, અને કોઇ સ્ત્રીને પુરૂષની જરૂરત હોય તો બજારમાં આવી તેને જે ખૂબસુરત નજર પડે તો તેને કહી દે કે હું તારી ઇચ્છા રાખું છું મારૂં દિલ ઠંડુ કરી આપ. હવે તો સર્વ તરેહની મઝામાં મઝા જેનું મન ચાહે એક બીજાથી મઝા ઉઠાવી લે કાંઇ રોક ટોક નથી સ્ત્રીનો ધણી કાંઇ કરી શકતો નથી. લાચાર છે કારણ કે દયાનંદજી મહારાજનો કહાડેલો ધર્મનો મસાલો છે કોઇ આર્ય સમાજીને એમાં જરાએ બોલવાની જગ્યા નથી છતાં કોઇ આર્યો એ વિષે કાંઇ વિરૂદ્ધ બોલ્યો હોય તો આર્ય સમાજ વાળાઓમાં તેની નિન્દા થાય છે કે ફલાણો અથવા ફલાણી ધર્મ પાળતાં નથી.

હવે આપ સાહેબો પોતેજ ઇનસાફ કરી જરા કહોતો કે શું આ ધર્મ માણુસ જાતીનો છે કે ભેંસ બળદીયાઓનો છે જે કામો માણુસ સીવાય બકરાં ગધેડાંના હોય તેવા કામો આ ધર્મ શિખવે છે કે જેમાં ખરેખર તદ્દન બેહયાઇ, બેશરમી, બેગેરતી, છે અને તેની પણ હદ થઇ ગઇ, કારણ કે દુનિઆમાં આવા ધર્મનો બેશરમી તથા બેહયાઇમાં આ પહેલો નમુનો છે. એટલે હવે બેશરમીની છેલ્લી હદ બીજી શું હશે? કોઇ નથી.

જે માણુસ આર્યો થયો તેને આ વાત યાદ રાખવી જોઇએ કે પોતાની સ્ત્રીને બધાઓ માટે ધર્મશાળાની જેમ વકફ કરવી પડશે. અને તે જ્યાંથી ચાહે ત્યાંથી બચ્ચું મેળવી શકે છે પણ નામ તેનુંજ થવાનું કે જેની તે પરણેલી સ્ત્રી હોય.

હવે ઇસ્લામની શિખામણ જોશો.

કુરઆન પારો ૧૫ મો) ખુદા ફરમાવે છે કે "પારકાની સ્ત્રી નજીક જાઓ નહીં કારણ કે આ ઘણીજ બુરી વાત છે, અને બુરો માર્ગ છે." વ્યભિચાર તો શું પણ પારકી સ્ત્રિને જોવું પણ ઇસ્લામે હરામ કહેલું છે.

ઇસ્લામની ખુબી તેની પ્રહેજગારીની શિખામણથી જાહેર થાય છે. અને આર્ય ધર્મ શું છે એક નાપાક અને બેહયાઇ વાળી જુવાનોની એશ પુરી કરવા (મઝા ઉડાવવાના માર્ગ) નો સાધન છે હવે જો કોઇ મુસલમાન માણસ આર્યો થાય તો તેથી આર્યધર્મવાળા એમ સમજી પડે નહીં કે તેણે હમારા ધર્મને સત્ય સમજ્યો જેથી તે આર્યો બન્યો છે પરંતુ તેણે કોઇ આર્યધર્મની ખુબસુરત હસીન સ્ત્રિ જોઇ હશે અને તેથી તેણે પોતાની ઇચ્છા પુરી પાડવાની ખાતર પોતાનું ઇમાન ખરાબ કર્યું હશે એમ સમજવું બીજું કાંઇ નથી. કારણ કે ઇસ્લામમાં તો માત્ર જોવું સુદ્ધા હરામ છે અને સ્ત્રી માટે જો માલદાર હોય તો પરદો કરવું અને ગરીબ હોય તો (મોંઢાનું કપડું નીચું નાખી) તેને પોતાની લાજ સંભાળવી અગત્યનું છે વળી નફ્સ પરસ્તી છોડી ખુદાપરસ્તી કરવું ફરજ છે એથી તમો પણ સમજ્યા હશો કે તેજ મુસલમાન આર્યો બનશે કે જેણે નફ્સ પરસ્તી અખત્યાર કરી હોય.

જો કે આ ચોપડીમાં મારી મતલબ ટુંકાણની છે. જેથી હું મારા લખાણને લંબાવતો નથી પણ એની સાથે એક કલ્પાંત કેસ જેને મારા બુજરગ માનવંતા અને જગત જાણીતા હઝરત મૌલાના મૌલવી મરહુમ ગુલામ મોહમ્મદ હાફેજ સાદિક સાહેબ રાંદેરીએ રચી પોતાની એક ચોપડીમાં છપાવ્યો હતો અને હજારોની સંખ્યામાં છપાઇ બહાર પડયો હતો તેને હું પણ અત્રે લખી મારી ચોપડીને સમાપ્ત કરૂં છું જેથી મારા વાંચકોને આર્ય ધર્મનો ખુલાસો તેમ પોકળપણું સારી રીતે ખુલી જશે. અને દરેક મુસલમાનથી મારી આ અરજ છે કે આ ચોપડીને વાંચી આપણા મુસલમાન ભાઇઓને કે જેઓ વાંચી નહી શકતા હોય તેઓને પણ વાકેફ કરી દેશો અને આર્યોના ફન્દાઓથી બચાવવાની પુરી કોશિશ કરતા રહેશો.

ખુદા ચાહશે તો હવે હું પણ આર્ય ધર્મના ખોટા થવા વિષે વખતો વખત નાંની નાંની ચોપડીઓ કહાડતો રહીશ. અનેઆપ સાહેબોની સામે મુકતો રહીશ. ખુદા પાક મને અને આપ સાહેબોને ઇસ્લામ ઉપર કાએમ રાખે અને આપણી મોત લાએલાહ ઇલ્લલ્લાહો મોહમ્મદુર-રસુલુલ્લાહના કલેમહ ઉપર થાય આમીન.

ફોજદારી કેસ નં. ૧૮૫ તા. ૧૦ મી જુન ૧૯૦૯
ફરયાદી દયારામ ઘેલાભાઇ.
વિરૂદ્ધ.
અબદુલ્લાહ રહીમભાઇ.
દાવા અરજી

ગરીબ પરવર સલામત હું નીચે સહી કરનાર દયારામ ઘેલાભાઇની નમ્રતા પુર્વક અરજ એ છે કે મુસલમાનો પશુ હત્યા કરે છે અને એ કામ ઘોર ગુનાહનું છે, એથી મારૂં દિલ ઘણુંજ દરદે છે. એ બાબતની વાત સાંભળી મારૂં અંતઃકરણ ધ્રુજે છે તથા અમારા શાસ્ત્ર વિરુદ્ધ છે માટે આપ મારાપર દયા કરી એ લોકોના આગેવાન અબદુલ્લાહ રહીમભાઇ જે એ કામમાં લોકોને ઉશ્કેરે છે તથા અમારા શાસ્ત્રોના ખોટા ખોટા દાખલા લઇ ભાષણો કરે છે તેને બોલાવી એ કામની તપાસ કરી અને દાદ આપો અને એ કામ ન કરવા મનાઇ હૂકમ કાઢો. હું આપના હકમાં દુઆ કરીશ. તા. ૨૯-૫-૯

સાક્ષીઓનાં નામો.
દલ્લુભાઇ ઘેલાભાઇ.
ચુનીલાલ મોતીલાલ.
ગુલાબદાસ કીલાભાઇ.
નૌરોતમ કિપારામ.
અરજદાર

દયારામ ઘેલાભાઇ (નવો આર્યો.)

ફરીયાદીએ પોતાની અરજીમાં લખેલી હકીકત કસમ ઉપર માજીસ્ટ્રેટની કોર્ટમાં પોતાની જબાનીમાં બયાન કરી અને તેમાં વધુ એમ પણ જણાવ્યું કે હું શાસ્ત્ર સારી રીતે જાણું છું.

ઉલટ તપાસ.

વકીલ તમે આર્યો ક્યારથી થયા? **જવાબ** બે વર્ષથી, **વકીલ** તમે પ્રથમ કયો ધર્મ પાળતા હતા? **જવાબ** વિષ્ણુ. **વકીલ** પ્રથમ તમો મુર્તિ પૂજતા હતા? **જવાબ** હા. **વકીલ** તે કામ પાપનું છે? **જવાબ** હા. **વકીલ** આર્યો થવાથી તમારી પ્રથમ કરેલી મુર્તિ પૂજાનો પાપ માફ થયો? **જવાબ** નહીં, ખોદા પાપ માફ કરી શકતો નથી. પાપ માફ કર્યાથી તે અન્યાયી ઠરે છે (સત્યાર્થ પુ. ૫૦૨ વગેરે) **વકીલ** તો એનો બદલો તમને

કંઇ મળશે? **જવાબ** બીજા અવતારમાં કુતરૂં, બીલાડું કે ભૂંડ થવું પડવાનું **વકીલ** તમો પ્રથમ કયાં રહેતા હતા? **જવાબ** મોરા સુંવાળીમાં. **વકીલ** તમે ત્યથી સુરતમાં કેમ આવ્યા? **જવાબ** એક ખાસ ગરજ માટે. વકીલ તમે ત્યાં શું કરતા હતા રોજગાર નહીં ચાલતો તેથી [illegible] જવાબ નહીં ત્યાં તો હું ઘણું પેદા કરતો હતો. હજુ સુરતમાં દુઃખ છે, પણ મારી બીજી મતલબ છે. **વકીલ** તે કયી મતલબ છે. તે કહો? **જવાબ** હું રંડાયલો છું અને ત્યાં કોઇ આર્યો નથી. **વકીલ** તો શું તમો બીજા વિવાહ કરવા આવ્યા છો? **જવાબ** નહીં **જેમ** વિધવા બીજો પુરૂષ કરી નહીં શકતી તેમ રંડાયલો પુનર્વિવાહ કરી શકતો નથી. (સત્યાર્થ પૃષ્ટ ૧૦૭) * **વકીલ** તો તમો શા માટે આવ્યા છો? **જવાબ** દશ સ્ત્રી સાથે નિયોગની ઇચ્છાએ આવ્યો છું? દશ સ્ત્રી સાથે રંડાયલો નિયોગ કરી શકે છે. એવી મહાઋષી દયાનંદજીની આજ્ઞા છે. (ઋગ્વેદાદિ પૃષ્ટ ૧૭૨)× **કોરટ** નિયોગ એટલે શું? **હું** સમજ્યો નહી. **ફરીયાદી** સાહેબ રંડાયલો માણસ બીજાની સ્ત્રી સાથે કે વિધવા સાથે સમ્ભોગ કરી **દશ** છોકરાં મેળવે **તે કોરટ**(હસીને)આ તો દયાનંદજીએ ઘણું વિચિત્ર લખ્યું છે.રંડાયલાને તો વિવાહથી એક સ્ત્રી મળવાની જગ્યાએ દશ મળી. **વકીલ** મનુ આ. ૯ શ્લો. ૬૦ થી તો એક બાળક માટે નિયોગની છુટ છે તો દશ છોકરાં કયાંથી થયાં? **જવાબ** મનુજીને વેદમાથી એક છોકરૂં મેળવવાનું **સુઝયું** પણ મહાઋષી દયાનંદજી મનુજીથી વિદ્યામાં દશગણા હતા **જેથી તેમને** દશ

---

* તે ઇબારત આવી રીતે છે. "પૂર્વ અમે લખ્યું છે કે દ્વિજોમાં **સ્ત્રી પુરૂષનો** એકજ વાર વિવાહ થવો વેદાદ શાસ્ત્રોમાં લખ્યો છે. દ્વીતીય વાર **નહીં**. (સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૧૦૭ લી. ૧. ૨) દયાનંદની આ એક એવી વિચિત્ર આજ્ઞા છે જે પર કોઇ આર્યો અમલ કરતો નથી તેઓ બીજા વિવાહ **કરે છે**. એટલુંજ નહીં પણ વિધવાઓના પુર્નલગ્ન માટે પણ કેટલાકો **કોશીશ કરે છે**. ગુ. મો.

× તે ઇબારત આવી રીતે છે "**હે સ્ત્રી** તું વિવાહી પતિથી લઇને **અગિયાર** પતિ પર્યંત નિયોગ કર અર્થાત કદાપિ આપતકાલ પ્રાપ્ત થાય તો એક એકના અભાવે માત્ર સંતાનોત્પત્તિને માટેજ દશ પુરૂષ સુધીજ નિયોગ કરવો, એજ પ્રમાણે પુરૂષ પણ વિવાહિત સ્ત્રીના મૃત્યુ પછી **સંતાનના અભાવે** એક એકના અભાવે દશ વિધવા સુધી નિયોગ કરે" **ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા** પૃષ્ટ ૧૭૨, ૧૭૩ ગુ. મો.

બાળક મળવવાની આજ્ઞા મળી (સત્યાર્થ પૃષ્ટ ૧૦૫)× **વકીલ મનુ અ. ૫.** વિગેરેમા પશુ હત્યા, માંસ ખાવાનો હુકમ છે કે નહીં? **જવાબ હા, છે. પણ તેમાં પાછળથી કોઇએ તે શ્લોક દાખલ કર્યા છે. તેથી હું માનું નહી.**

(૧) સાક્ષી લલ્લુભાઇ ઘેલાભાઇની જબાના.

ફરીયાદીના વકીલની તપાસમાં.

મારૂં નામ લલ્લુભાઇ બાપનું નામ ઘેલાભાઇ રહેવાશી બીલીમોરાંનો હાલ સુરતનો કસમ ઉપર જણાવું છું કે હું ઇંગ્રેજી ગુજરાતી જાણું છું મને ધર્મ સંબંધી પુસ્તકો વાંચવાનો શોખ છે. અમારા ધર્મમાં પશુ વધ કરવાનું કે માંસાહાર નથી જેથી કોઇ શખ્સ અમારા ધર્મને નામે કહે કે એઓના ધર્મમાં પશુવધ છે તો તેથી અમારૂં દિલ દુઃખે. પ્રતિવાદી અબદુલ્લાહ રહીમભાઇ તેવા ભાષણો કરે છે. તથા મુસલમાનોને વધ કરવા વિષે ઉત્તેજન આપે છે.

ઉલટ તપાસ

વકીલ તમે પ્રથમ કયાં માર્ગમાં હતા? **જવાબ** વિષ્ણુ? **વકીલ** તમો તે વેળા મુર્તિ પૂજતા હતા? **જવાબ** હા. '**વકીલ**' એ પાપ માટે તમે ખોદા પાસે માફી માંગી છે? **જવાબ** ખોદા ન્યાયકાર છે તે સજા આપવા વગર ગુન્હેગારને છોડનાર નથી. **વકીલ** તો તમને પણ તેની કંઇ સજા મળશે? **જવાબ** હા. પુનર્જન્મમાં કુતરૂં ભુંડ કંઇ બનવું પડશે. **વકીલ** તમે જ્યોરજ સલનો કુરઆનનો તરજુમો જોયો છે કે? **જવાબ** હા. **વકીલ** તેમાં પશુહિંસા માંસાહાર વિષે વાંચ્યું છે? **જવાબ** હા, તેના ચાપટર કાઉ ચાપટર ટેબલ ચાપટર કેટલ વગેરેમા પશુહત્યા તથા માંસાહાર લખ્યા છે. **વકીલ** તમે બીલીમોરાથી અતરે કેમ આવ્યા છો? **જવાબ** "હું નહીં કહે તો કોર્ટ તમારે કહેવું પડશે આ કોર્ટ છે એમ અહીં ચાલે નહીં. **શાક્ષી** તો ઠીક મારી બાયડી ગર્ભવતી થઇ તેથી અતરે આવ્યો છું **વકીલ** શું તેનો ઇલાજ કરાવવા આવ્યા છો? **જવાબ** નહીં. પણ દયાનંદજીએ કહ્યું છે કે સ્રી ગર્ભવતી થયા પછી તેની પાસે એક વર્ષ સુધી નહીં

× તે ઇબારત આવી રીતે છે. એમ એક વિધવાં સ્રી બે પાતા માટે અને બે બે અન્ય ચાર નિયુક્ત પુરૂષો માટે સન્તાન કરી શકે. અને એક મૃતસ્રી પુરૂષ પણ બે પાતા માટે અને બે બે અન્ય અન્ય ચાર વિધવાઓ માટે પુત્ર ઉત્પન્ન કરી શકે છે. એવી રીતે મળી દશ સન્તાનોત્પત્તિની આજ્ઞા વેદમાં છે. સત્યાર્થ પૃષ્ટ ૧૦૫ લી. ૬–૯ શુ. મો.

જાય (સત્યાર્થ પૃષ્ટ ૮૫) × અને એટલા અરસામાં જો નહીં રહી શકાય તો નિયોગ કરે (સત્યાર્થ પૃષ્ઠ ૧૧૨)* માટે સુરતનો કોઇ આર્યો મારાપર દયા કરી કોઇ આર્યળુથી નિયોગ કરાવી દે તે માટે આવ્યો છું. **વકીલ** તો તમારૂં કામ થયું? **જવાબ** છે તો ઘણી સ્ત્રીઓ અને રાજી પણ દેખાય છે. પણ શરમાય છે. **વકીલ** તમે મહાભારત, મનુ સ્મૃત્તિ, ગ્રહસુત્ર વાંચ્યા છે? **જવાબ** હા. **વકીલ** તેમાં માંસ ખાવાનું છે? **જવાબ** હા. છે. "ફરીયાદીના વકીલનો સુધારો" તમો તેમ માનો છો? **જવાબ** પણ હુ તેને માનું નહીં કારણ કે દયાનંદજી માંસ ખાવાની મનાઇ કરે છે.

(૨) સાક્ષી ચુનીલાલ મોતીલાલ
ફરીયાદીના વકીલની તપાસમાં.

મારૂં નામ ચુનીલાલ બાપનું નામ મોતીલાલ રહેવાશી ચીખલીનો પણ હાલ સુરતનો ધર્મ આર્ય સમાજ કસમ ઉપર જણાવું છું કે હું માત્ર ગુજરાતી જાણું છું. ધર્મ સંબંધી લોકોના વ્યાખ્યાન સાંભળવાનો શોખ રાખું છું પ્રતિવાદી સુરત કિલ્લા આગળ ગયા શનીવારે ભાષણ કરતોહતો. ગઉરક્ષા વિરૂદ્ધ ભાષણ કરતો અને કહેતો હતો કે લોકો તમે માંસ ખાઓ એ ઘણું પુષ્ટીકારક છે. હિન્દુ ધર્મમાં પણ માંસ ખાવાનું છે વગેરે વગેરે જેથી હમારી લાગણી ઘણી દુખાઇ.

ઉલટ તપાસ.

વકીલ તમે આર્ય સમાજી થયાને કેટલી મુદત થઇ? **જવાબ** બે વર્ષ. **વકીલ** તમે પ્રથમ મુર્તિ પુજતા હતા? **જવાબ** હા. **વકીલ** તમે આ પાપ માફ કરાવવાની કંઇ તદબીર કરી છે? **જવાબ** ઇશ્વર ન્યાયકાર છે તે માફી બખશી શકતો નથી તો શું તદબીર કરૂં? **વકીલ** તમો હોમ રોજ કરો છો? **જવાબ** નહીં. કારણ કે દયાનંદજીના લખ્યા પ્રમાણે

× તે ઇબારત આવી રીતે છે "જ્યારે મહિના ભરમાં રજસ્વલા (હૈજ) ન થવાથી ગર્ભ સ્થિતિનો નિશ્ચય થઇ જાય ત્યારથી એક વર્ષ પર્યંત સ્ત્રી પુરૂષનો સમાગમ, (જીમા) કદી થવા ન જોઇએ સત્ય પૃષ્ઠ ૮૫ લી. ૬–૯ ગુ. મો.

* તે ઇબારત આવી રીતે છે. "અને ગર્ભવતી સ્ત્રી સાથે એક વર્ષ સમાગમ ન કરવાના સમયમાં પુરૂષથી, દીર્ઘરોગી પુરૂષના સ્ત્રીથી ન રહેવાય તો કોઇ સાથે નિયોગ કરીને તેને માટે પુત્રોત્પત્તિ કરી આપે" સત્ય પૃષ્ટ ૧૧૨ લી. ૧–૩ ગુ. મો.

હોમમાં દરરોજ આના ચાર ઓછામાં ઓછા ખરચ થાય એ બનવું મુશ્કેલ છે. **વકીલ** એ પાપ માટે તમને કંઇ ભોગવવું પડશે? **જવાબ** એ પાપથી દયાનંદજીના કહેવા પ્રમાણે હું શુદ્ર થયો. (સત્યાર્થ) અને કુતરા બિલાડાનો અવતાર લેવો પડવાનો. **વકીલ** તમો ચીખલીથી સુરતમાં રહેવા માટે આવ્યા છો? **જવાબ** નહીં, માત્ર એક કામ માટે આવ્યો છું. **વકીલ** શું કામે આવ્યા છો? **જવાબ** મારો મીજાજ કદી કદી ઘણો ગરમ થાય છે અને તેથી હું મારી સ્રીને ઢોલ ધપ્પો કરૂં છું. તથી તે રીસાઇને સુરત આવી છે તેને લેવા આવ્યો છું. **વકીલ** તે આવવા રાજી થઇ? **જવાબ** નહીં; કારણ કે તેનો વિચાર છે કે સત્યાર્થ પુષ્ટ ૧૧૧ લી૦ ૧, ૩ નો × લાભ લઇ નિયોગ કરી તે સંતાન મારે માથે નાખે અને તે મારા માલના વારીસ થાય. **વકીલ** તમો વૈદક જાણો છો? **જવાબ** હા. **વકીલ** તમો આયુર્વેદ જાણો છો? **જવાબ** હા. **વકીલ** તેમાં માંસાહાર વિષે લખ્યું છે. **જવાબ** હા. આયુર્વેદ અ૦ ૪૬ સુત્ર અસ્ત યાન મં. ૪૩ ૪૮, ૬૦માં માંસ ખાવાના ફાયદા બયાન થયા છે. વળી આયુર્વેદ આ. ૩ શરીરસ્થાન વગેરેમાં પણ છે? **વકીલ** બીજા પુસ્તકમાં પણ તમે વાંચ્યું છે? **જવાબ** હા. મહાભારત સભા પર્વ અ૦૪ શ્લોક, ૨, ૩ વગેરેમાં છે. **વકીલ** એ વગર બીજા પુસ્તકોમાં છે? **જવાબ** હશે પણ હાલ મને યાદ નથી. "ફરીયાદીના વકીલનો સુધારો" આ પુસ્તકોમાં લખેલું છે પણ તમો તેને માનો છો? **જવાબ** હું તેને માનતો નથી; કારણ કે દયાનંદજી હિંસાની મનાઇ કરે છે.

(૩) સાક્ષી ગુલાબદાસ કીલાભાઇ

મારૂં નામ ગુલાબદાસ બાપનું નામ કીલાભાઇ રહેવાશી અંકલેશ્વરનો પણ હાલ સુરતનો ધર્મ આર્યસમાજી. કસમ ઉપર જણાઉં છું કે. મને વેદની શ્રુતિઓ સાંભળવાનો ઘણો શોખ છે. ગુજરાતી તથા અંગ્રેજી હું જાણું છું. એ ભાષામાં ધર્મ સંબંધી પુસ્તકો મારાં વાંચેલાં છે. પ્રતિવાદી માંસાહાર વિષે તથા પશુ હિંસા વિષે અને વિશેષ કરી ગૌહત્યા વિષે ભાષણો કરે છે તે સાંભળી મારૂં દિલ ઘણું દુ:ખાયું હતું.

× તે ઇબારત આવી રીતે છે. "તેમજ જો પુરૂષ અત્યંત દુ:ખદાયક હોય તો સ્રીને ઉચીત છે કે તેને ત્યાગીને અન્ય પુરૂષ સાથે નિયોગ કરી સંતાનોત્પતિ કરીને તેજ વિવાહિત પતિનો દાય ભાંગી સંતાન કરી લે ઇત્યાદી પ્રમાણો અને યુક્તિઓથી સ્વયંવર વિવાહ અને નિયોગથી પોતપોતાના કુળની ઉન્નતિ કરે." સત્ય. પૃષ્ટ ૧૧૧ લી૦ ૧-૩ ગુ. મો.

ઉલટ તપાસ.

વકીલ તમને આર્યસમાજી થયાને કેટલો વખત થયો? **જવાબ** પાંચ વર્ષ. **વકીલ** તે પહેલાં તમો મુર્તિપૂજા કરતા હતા? **જવાબ** હા. **વકીલ** એ વગર બીજા પણ તમારેથી પાપ થયાં હશે. **જવાબ** થયા હશે. **વકીલ** એની માફી મેળવવા શો ઉપાય કર્યો? **જવાબ** કોઇ ઉપાય થઇ શકતો નથી. ખોદા માફ કરી શકતો નથી. **વકીલ** કેમ ઇશ્વર દયાળુ નથી શું? **જવાબ** તે દયાળુ છે પણ તેના અર્થ લોક સમજે છે તેમ નથી. પાપીને સજા કરવી એજ દયા છે. (સત્યાર્થ પૃષ્ટ ૧૭૧) માટે કુતરા બીલાડાનો અવતાર લેવો પડશે. **વકીલ** તમો અંકલેશ્વરથી સુરત શા માટે આવ્યા? **જવાબ** એ વિષે ઘણો લાંબો કિસ્સો છે તમે નહીં પૂછો. **વકીલ** તમારે કહેવું પડશે. **કોરટ** (વકીલને) ટમો વળી પાછા નિયોગ વિષે સવાલ કરી કોરટનો વખટ ખોશો. **વકીલ** સાહેબ એમના કિસ્સાથી મારા અસીલના લાભની વાત નીકળે એવી મને આશા છે. **કોરટ** ટો ચાલવા ડો. **વકીલ** કહો શી બાબત છે? **જવાબ** હું બીમારને બીમાર રહેતો હતો જેથી મને કઇ સંતાન થયું નહોતું, તેથી મેં મારી બાયડીને કહ્યું કે તું નિયોગ કરી સંતાન મેળવ. (સત્યાર્થ પૃષ્ટ ૧૧૦)× તે મશ્કરી સમજી મને કહેવા લાગી તમો એવું શું બોલો છો. મેં કહ્યું હું ઠીક કહું છું તું કોઈ વીર્યદાન કરનાર પાસે જા. તેણીએ કહ્યું જાઓ તમોજ ઢુંઢી લાવો. મેં કહ્યું કે ફલાણો મારો મિત્ર તે ઉચ્ચ વરણનો છે તેને હું લાવું છું. તે ઉપરથી તે મારાપર ગુસ્સે થઇ કહેવા લાગી જા ભડવા હું એવું કામ કરીશ નહીં, એમ કહી તે ચાલતી થઇ. લોકોએ તેણીને ઘણીએ સમજાવી પણ તે આવતી નથી. પંડીતોએ કહ્યું કે નિયોગ કરી દશ બચ્ચાં મેળવવાં એ દયાનંદજીની ખાસ શીખામણ છે. પણ તે કહે છે કે હું મારી લાજ સભાળવામાં દયાનંદજીને કે બીજા કોઇને માનું નહીં. આખરે કોર્ટ કચેરી થઇ, પણ ઘર નહીંજ થયું. હવે હું તંદુરસ્ત થયો છતાં તે આવતી નથી. સુરતના આર્યોની સ્ત્રીઓ કે બીજે કેથેની નિયોગમાં આવે તેવી ઘણીએ છે. પણ મારૂં અંતઃકરણ એ

× એ ઇબારત આવી રીતે છે. "જ્યારે પતિ સંતાનોત્પત્તિમાં અસમર્થ હોય ત્યારે પોતાની સ્ત્રીને આજ્ઞા આપે કે હે સુભગે સૌભાગ્યની ઇચ્છા કરનાર. તું મારા થકી બીજા પતિની ઇચ્છા કર કેમકે હવે મારાથી સન્તાનોત્પત્તિની આશા ન કર ત્યારે સ્ત્રી બીજા સાથે નિયોગ કરીને સન્તાનોત્પત્તિ કરે સત્ય. ૮૧૦ લી૦ ૮–૧૦ સુ. બો.

કામને હવે ના પાડે છે. હવે હું એક મુશ્કેલીમાં છું. દયાનંદજી લખે છે દ્વિજોમાં સ્ત્રિ પુરૂષોના એકજવાર વિવાહ થવો જોઇએ. (સત્ય પૃ. ૧૦૭)પણ મનુ અ૦ ૫ શ્લો. ૧૬૮ માં બીજો વિવાહ કરવાની આજ્ઞા છે. વ્યહદારંક ઉપનેશદમાં છે કે મહાઋષી યજ્ઞ વલ્કયની બે સ્ત્રિઓ હતી, શ્રી કૃષ્ણજીની આઠ સ્ત્રિઓ હતી. રાજા દશરથની ત્રણ રાણીઓ હતી, અને હું બીજા વિવાહ કરવા ઇચ્છું છું જેથી સુરતના આર્યો સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યો છું. મને તો દયાનંદજીનો નિયોગ ખોટો લાગે છે તેમ એક પુરૂષ બીજી સ્ત્રિ નહીં કરી શકે એ પણ ગપોડો લાગે છે. **વકીલ** તમે વેદ વાંચ્યા છે? **જવાબ** નહીં. કારણ કે ગુજરાતીમાં નથી. **વકીલ** ગુજરાતીમાં **તરજુમો** કેમ નથી કરતા? **જવાબ** આર્યસમાજના ત્રીજા નિયમમાં વેદ ફેલાવવાની ઘણી તાકીદ છે છતાં ગુજરાતીમાં આર્યો તરજુમો કરતા નથી. મુંબઇની મંડલીને ઘણીવાર મેં અરજી કરી પણ કોઈ સાંભળતું **નથી. મને** લાગે છે કે તેઓ મુસલમાનોથી ડરે છે. **વકીલ** તમારા ધર્મના પુસ્તકોમાં હિંસા માંસાહાર લખેલું છે? **જવાબ** ઘણી જગ્યા લખ્યું છે. પારસ્કાર ગ્રહસુત્ર કાન્ડ ૧ કાન્ડકા ૧૯ના મંત્ર ૭-૧૨ માં માંસ ખાવાની વિધિ છે. સાંખ્યાન ગ્રહસુત્ર અ. ૬ ખં. ૧ સૂ. ૭, તથા અશ્વલાયન ગ્રહસુત્ર અ૦ ૧ કાન્ડકા ૨૪ સૂ. ૩૩ માં ઘણી તાકીદ કરી માંસ ખાવાનું લખેલું છે. તેમ સને ૧૯૦૯માં ભરૂચ શહેરમાં આર્યો તથા સનાતનીઓ વચ્ચે શાસ્ત્રાર્થ થયો હતો તેમાં આર્યોએ એકરાર કર્યો હતો કે વ્યહદારંકમાં માંસ ખાવાનું છે. **ફરીયાદીના વકીલનો સુવાલ** તમો એ વાત માનો છો? **જવાબ** એ પુસ્તકોમાં છે એમ હું જાણું છું પણ કોઈ બ્રાહ્મણને જાહેર ખાતાં હું જોતો નથી જેથી હું માનતો નથી.

(૮) સાક્ષી નૌરોતમ ક્રિપારામ.

ફરયાદીના વકીલની તપાસમાં

મારૂં નામ નૌરોતમ બાપનું નામ ક્રિપા રામ રહેવાશી ઓલપાડનો પણ હાલ સુરતનો ધર્મ આર્ય સમાજ. કસમ ઉપર જણાવું છું કે હું ઉર્દુ તથા ગુજરાતી જાણું છું. પ્રતિવાદીને હું ઓળખું છું તે કદી કદી ઓલપાડમાં આવી લેકચર આપે છે તેમાં ઘણું કરીને એના લેકચરો ગઉરક્ષા વિરુદ્ધ હોય છે, અમારા શાસ્ત્રોના નામ લઇ હિંદુઓને પશુ વધનો ઉપદેશ કરે છે. જેથી મારી લાગણી તથા બીજાં હિંદુઓની લાગણી દુઃખાય છે.

ઉલટ તપાસ.

. **વકીલ** તમો જાતે કણબી છો? **જવાબ** હા. **વકીલ** ખેતી કરતાં

જીવજંતુ મરે છે? **જવાબ** સેંકડો મરે છે. **વકીલ** બળદને હળ ખેંચતાં કંઇ દુઃખ થાય છે? **જવાબ** ઘણુંએ દુઃખ થાય છે પણ કરીએ કેમ, સાંજ પડતાં તદન થાકી જાય છે **વકીલ** તમે પરાણીએ બળદને ગોદા મારો છો? **જવાબ** એ વગર ચાલે નહીં જેથી મારવા પડે છે. **વકીલ** વધ કરવામાં દુઃખ વધારે કે આ કામ લેવામાં **જવાબ** હું કહીશ નહીં. **વકીલ** નહીં કહેવું પડશે **જવાબ** હળ ફેરવવામાં ઘણું દુઃખ વધ કરવામાં ૪-૫ મીનીટનું દુઃખ અને આમાં આખી જીન્દગીનું દુઃખ. **વકીલ** તમો મુર્તિ પૂજતા હતા? **જવાબ** પ્રથમ પૂજતો હતો. **વકીલ** એ પાપની માફી માટે તમે શું કર્યું? **જવાબ** પ્રજાપત્ય વ્રત પાળીઓ (રોજો રાખ્યો) અને ગૌમુત્ર પીધું એટલે પાપ માફ થયો. (મનુસ્મૃતિ અ૦ ૧૧ શ્લોક ૧૦ ૬-૧૦) **વકીલ** દયાનંદ તથા આર્યો કહે છે કે ખોદા પાપ માફ કરી શકતો નથી. અને તમે કેમ પાપ માફ થવાને માનો છો? **જવાબ** દયાનંદની માનેલી મનુ સ્મૃતિના આધારને દયાનંદના મત કરતાં શ્રેષ્ઠ ગણું છું. **વકીલ** બીજો કોઈ આર્ય તમારા મતની સાથે મળતો છે? **જવાબ** મેરઠ નીવાસી તુલસીરામ સ્વામી પણ પાપ માફ થવાને માને છે* કારણ કે મજકુર શ્લોકો તેવણે મોટા અક્ષરમાં લખ્યા છે **વકીલ** તમો નિયોગ માનો છો? **જવાબ** હા. **વકીલ** સુરતમાં લોકો દત્તક લે છે તેમ તમે લો; નિયોગ શા માટે કરો છો? **જવાબ** દત્તક લેવા કરતાં નિયોગ સારો છે. કારણ કે દત્તક તો પારકાનો છોકરો આપણું પેટ પણ નહીં ને પીઠ પણ નહીં. અને નિયોગમાં આપણી પીઠ નહીં પણ આપણી બાઇડીનું પેટ તો ખરૂં તેથી એ શ્રેષ્ટ છે. વળી યુરૂપના વિદ્વાનો કહે છે કે ધણી ધણીઆણીના લાંબી મુદત સાથે રહેવાથી તેઓ મળતાં ચહેરાના થાય છે. એટલે કંઇક અંશ આપણો સ્ત્રીમાં જાય છે અને કંઇક અંશ સ્ત્રીનો આપણામાં આવે છે તો તે પ્રમાણે નિયોગમાં સ્ત્રીનું પેટ અને કંઇક અંશને જોતાં આપણી પીઠ પણ છે. કોરટ હસીને ઘણીવાર યસ યસ બોલી **વકીલ** તમે કુરઆન વાંચ્યું છે? **જવાબ** હા. **વકીલ** તેમાં પશુ વધ, મીસાહારનું વર્ણન છે? **જવાબ** મેં ઉર્દુ કુરઆનનો તરજુમો તથા ગુજરાતી કેટલાક તરજુમામાંથી કેટલુંક વાંચ્યું છે તેમાં ગાય કાપવાનું તો બીજા અધ્યાયમાં છે. **વકીલ** કેટલાક આર્યો કહે છે કે કુરઆનમાં પશુ વધ નથી.

---

* તુલસીરામ સ્વામીએ મનુસ્મૃતિના પોતાનાં ભાષાંતરના ભુમિકામાં લખ્યું છે કે પાછળથી મેળવી દીધેલા શ્લોકને નાના અક્ષરમાં લખીશ એટલે અસલ શ્લોક માનવાને પાત્રને મોટા અક્ષરમાં લખીશ. ગુ. મો.

જવાબ તેઓ ખોટું કહે છે. જો તેઓ દયાનંદજીના સત્યાર્થ પ્રકાશના ૧૪માં સમુલ્લાસને વાંચે તો તેમની ખાત્રી થતે કે કુરઆનમાં પશુ વધ છે? **વકીલ** તમે રામાયણ તથા મહાભારત વાંચ્યાં છે? **જવાબ** હા. **વકીલ** તેમાં માંસ ખાવાનુ છે? **જવાબ** હા છે. **વકીલ** તમે ઓલપાડથી સુરત શા માટે આવ્યા છો? **જવાબ** મારી સ્ત્રી ગર્ભવતી હતી તેથી હું તેની પાસે જઇ શકું નહીં [સત્ય પૃ. ૮૫] જેથી મેં ૯ સ્ત્રી સાથે નિયોગ" કર્યો, (સત્ય. પૃ. ૧૧૧) થોડી મુદત પછી એટલે એક વર્ષમાં દશ સ્ત્રીઓએ **દશ બાળક** જન્મીયા છે. હવે હું વિચારમાં છું કે મારી બાકીની ઉમર કેવી **રીતે** કાપીશ. કારણ કે માણસને દશ બાળકથી વધુ સંતાન ઉત્પન્ન કરવાની મનાઇ છે. (ઋગવેદાદ ભાષ્ય ભૂમિકા પૃ. ૧૭૨) એ વિષે સુરત આવી આર્યોથી ખુલાશો કરવા માંગુછું મેં કહ્યું કે આર્યોમાં ઘણાઓના સંતાન દશથી વધુ થયાં છે મહાભારતમાં છે કે ધૃતરાષ્ટ રાજાના સો **છોકરા હતા** વગેરે વગેરે. પણ એનો ખુલાસો હજુ મને મળ્યો નથી વળી **મારી** સ્ત્રી કહે છે કે હું આપને કામની રહી નથી માટે હું નિયોગ કરીશ. પણ હવે મારૂં અંતઃકરણ નિયોગ કરવા દેવાને રાજી નથી તેથી તે સુરતના આર્ય વિદ્વાનો પાસે ફરીયાદ લાવી છે મેં તેઓને કહ્યું કે એ ભુંડુ કામ હું કરવા દઇશ નહીં. કારણ કે મનુ સ્મૃતિ અ. ૯ શ્લોક ૬૦થી જણાય છે કે માત્ર એકજ બાળક માટે નિયોગ કરવાનું છે, વળી મનુ અ. ૯ શ્લો. ૬૬માં નિયોગને હેવાનિયતનું (પશુઓનુ) કામ તથા નિન્દાયુક્ત ફરમાવ્યું છે. વળી અ. ૯ શ્લો. ૬૮માં નિયોગ વિષે છે કે સાધુ લોકો એની નિન્દા કરે છે. વળી પરાશ્વર ઋષી પોતાની સ્મૃતિમાં લખે છે કે આ નિયોગ કલ્યુગ માટે નથી" પણ એનો ખુલાશો હજુ મળ્યો નથી. **ફરીયાદીના વકીલનો સવાલ**. તમે હિન્દુઓનાં પુસ્તકોમાં હલાલ જોઇ તે તમે માનો છો? **જવાબ** હું માનતો નથી.

અત્રે ફરીયાદીના સાક્ષીઓની તપાસ પૂરી થઇ. ત્યારે પ્રતિવાદીના વકીલે અરજ કરી કે અમારા પણ સાક્ષી લ્યો. કોરટ ટમારા સાક્ષીઓની કંઇ જરૂરટ નથી. **વકીલ** સાહેબ આપ એ સાક્ષીઓ લેશો તો કેસ વિષે ઘણું અજવાળું પડશે તથા એઓને ઉપલી કોરટમાં જવાનું રહે નહી. **'કોરટ'** ઠીક છે. ટમારા સાક્ષી ઓના નામ આપો.

સાક્ષી

(૧) મનુ મહારાજ

(૨) સ્વામી દયાનંદ સરસ્વતી

મનુ મહારાજ માટે ખુરસી મુકાઇ તે પર તેવણ બીરાજ્યા! કોરટે તેમને ઘણું માન આપી કહ્યું. મનુ મહારાજ આ કેસ વિષે આપ શું કહેવા માગો છો? **મનુ** મેં મારી સ્મૃત્તિના અ. ૫ માં ક્યાં જાનવર ખાવાં અને ક્યાં નહીં ખાવાં તે સ્પષ્ટ રીતે લખ્યું છે. અને સાથે અ. ૫ શ્લો. ૪૪માં એમ પણ મેં કહ્યું છે કે વધ વેદ પ્રમાણે થાય તેને હિંસા સમજવી નહીં. બીજા અધ્યાયોમાં પણ ઠેકાણે ઠેકાણે મેં પશુ હત્યા લખી છે. **કોરટ** આર્યો કહે છે કે સ્મૃત્તિના જે જે શ્લોકોમાં માંસ ખાવાનું છે એ મનુજીના લેખ નથી. પાછળથી વામ માર્ગીઓએ તે દાખલ કર્યા છે. '**મનુ**' એઓનું કહેવું મીથ્યા છે. જો એઓ સાચા હોય તો પ્રથમની લખેલી સ્મૃતિ લાવે જેમાં એ શ્લોક નહીં હોય વળી જો મારી સ્મૃતિ એવી હોત તો એઓનો ગુરૂ દયાનંદજી પોતાના સત્યાર્થમાં અનેક ઠેકાણે મારી સ્મૃત્તિથી આધાર નહીં લેતે, તથા સત્યાર્થ પૃષ્ટ ૬૧માં મારી સ્મૃતિ બણાવવાનું નહીં લખતે, શું સત્યાર્થ પ્રકાશના રચવાના વખતમાં દયાનંદજી પાસે મારી સ્મૃતિ બીજી તરેહની હતી અને તે પછી તેમાં કોઇએ ફેરફાર કર્યો છે? વળી અંગ્રેજ સરકારની કોરટમાં હિન્દુઓ વિષે મારી સ્મૃત્તિ પ્રમાણે ફેસલો અપાય છે અને સઘળા હિન્દુઓ માન્ય કરે છે **કોરટ** તમે પોતે સ્મૃતિ અ, ૫ શ્લોક ૫૧ માં કાપનાર ખાનાર પીરસનાર વગેરે આઠ જણને ઘાતક કહ્યા છે. આથી આર્યો આધાર લે છે કે મનુજી માંસાહારનું કહેતા નથી. અને જે શ્લોકોમાં માંસાહાર છે. તે પાછળથી કોઇએ ઉમેર્યા છે. **મનુ** અરે ઇશ્વર? એઓની એવી જાડી બુદ્ધિ છે! અને એવી બુદ્ધિ સાથે પારકા ધર્મવાળાઓનો મુકાબલો કરવા નીકળ્યા. હાય અફસોસ! જ્યારે મેં અ. ૫ શ્લો. ૪૪ માં ખુલ્લું કહ્યું કે જે વધ વેદ પ્રમાણે થાય તેને હિન્સા સમજવી નહીં, તો શ્લો. ૫૧ના અર્થ આજ થવાના કે વેદ વિરૂદ્ધ જે વધ હોય તે વધના માંસમાં શામેલ થનારા આઠ જણ ઘાતક છે વળી અ. ૫ શ્લો. ૫૧ ની સાથેજ શ્લોક ૫૨ છે તેથી પણ ઉપલી મતલબ ઉપર અજવાળુ પડે છે. પણ તેઓ ધ્યાન નહીં આપે તેનો ઉપાય શો? **કોરટ** (ફરયાદીના વકીલને) ટમારે ઉટલ ટપાસ કરવી છે? **વકીલ** ના સાહેબ. આવા મહારાજ ઉપર મારે શંકા કરવી શી તાકાત? મહારાજ જો દિન ને રાત કહે તો મારે ડોકી ઝુકાવી માન્ય કરવું યોગ્ય છે અને પોતાની આંખની કસૂર કાઢવી મુનાસબ છે.

સ્વામી દયાનંદ સરસ્વતીની સાક્ષી.

મારૂં નામ દયાનંદ બાપનું નામ હું નહીં કહેતો. **કોરટ** નહીં કહેવું પડશે. **દયાનંદ** હું નહીં કહીશ ગમે તે થાય. **કોરટ** બાપનું નામ છુપાવવાની ટમને શો લાભ છે? **દયાનંદ** હું તે પણ નહી કહીશ. **કોરટ** તમે ક્યાંના રહેવાશી છો? **દયાનંદ** તે પણ હું નહીં કહીશ **કોરટ** વારૂ તમારૂં નામ દયાનંદ છે એ ટમારાં બાપે રાખેલું છે? **દયાનંદ** નહીં મારા ગુરૂ પરમાનંદ સરસ્વતીએ નામ દયાનંદ રાખ્યું છે. એથી પહેલાં બીજા ગુરૂએ મારૂં નામ શુદ્ધ ચૈતન રાખ્યું હતું **કોરટ** ટમારા મા આપે નામ રાખ્યું હોય તે કહો? **દયાનંદ** હું તે નહીં કહીશ **કોરટ** એથી શો લાભ? **દયાનંદ** તે હું જાણું છું. કહીશ નહીં.

વકીલ—તમે તમારી હાલત કેથે છપાવેલી?

દયાનંદ—સને ૧૮૭૯–૮૦ માં અંગ્રેજી છાપો થેયોસોફ્સ્ટમાં.

વકીલ—ચંડાલગઢમાં તમને શાની આદત પડેલી?

દયાનંદ-ભાંગની આદત પડી હતી કદીકદી હું બેહોશ પણ થતો હતો.

વકીલ—બ્રહ્માનંદ વગેરે પુરુષોએ આપને શું શીખવેલું

દયાનંદ—મને પૂરેપુરૂં નિશ્ચય કરાવ્યું કે બ્રહ્મ અને મારો આત્મા કંઇ જુદા નથી. મારા દિલમાં એ વાત પ્રથમ આવતી હતી પણ એ મહા પુરૂષોએ મારી ખાત્રી કરી આપી કે બ્રહ્મ (ખુદા) તે હુંજ છું.

વકીલ—હવે તમે તમને શું ગણો છો?

દયાનંદ—હું ઇશ્વર નથી તે ઉત્પન્ન કરનાર છે હું ઉત્પન્ન થઇલો છૂં તે નિરઆધાર છે હું તેનો ગરજવાલો છું, તે વાત માનવું ગુનાહ ગણું છું.

વકીલ—તો એ પાપોની શિક્ષા તમને મળશે?

દયાનંદ—હા, બીજા જન્મમાં કુતરૂં બીલાડું કે ભુણ્ડ વગેરે બનવું પડશે.

કોરટ—તો તમને કેટલાક આર્યો નિર્ભરાંત માને છે તે કેમ?

દયાનંદ—એવું માનનારા મુર્ખ છે, આવા મોટા મોટા મારેથી પાપ થએલા છતી હું નિર્ભરાંત કેમ થાઉં?

કોરટ—આ બાબતમાં ટમારો શો મત છે? **દયાનંદ** સત્યાર્થ

પ્રકાશ પ્રથમ આવૃત્તિ સને ૧૮૭૫ માં છપાયલીના પૃષ્ટ ૪૫, ૧૪૮, ૧૪૯, ૧૭૧, ૩૦૨ ૩૦૩, ૩૯૯ વગેરે પૃષ્ટોમાં માંસથી હોમ કરવાનું યજ્ઞ માટે વધ કરવાનું ગૌમેધમાં બળદ મારવાનું મેં ખુલ્લું લખ્યું છે. વળી મારી સંસ્કાર વિધિ છપાયલું સંવત ૧૯૩૩ ના પૃષ્ટ ૧૧ માં મેં માંસ ખાવાની આજ્ઞા કરી છે તથા તેથી થતા લાભો દર્શાવ્યા છે. એટલે એ બાબતમાં હું મુસલમાનો સાથે મળતો છું.

ફરીઆદીના વકીલની ઉલટ તપાસ

વકીલ તમે સત્યાર્થની બીજી આવૃત્તિ છપાવી છે? **દયાનંદ** હા. **વકીલ** તેમાં માંસ ખાવાની તથા હિંસા કરવાની નિન્દા કરી છે? **દયાનંદ** હા. **વકીલ** તો પ્રથમ આવૃત્તિમાં છાપાવાળા તરફથી માંસ ખાવા તથા હિંસા વિષે થોંટાલો કરવામાં આવ્યો છે એ વાત ખરી છે? **દયાનંદ** ખોટી છે. જો એવી રીતે હું કે કોઇ આર્યો કરીએ તો મુર્ખ ઠરીએ. કારણ કે સત્યાર્થ પ્રકાશની પહેલી આવૃત્તિ બનારસમાં સ્ટાર પ્રેસમાં છપાવેલી તેમાં મુનશી હરી બંશલાલ સાહેબનો અધીકાર હતો. તેવણ કદી એવું કામ કરે નહીં. તેમ કરવા દે પણ નહીં વળી રાજા જયકૃષ્ણદાસ બહાદુર સી. એસ, આઇ, ની આજ્ઞાનુસાર છપાયું છે, અને છપાવા પછી તે પુસ્તકને પહેલે પાને તથા છેલ્લે પાને તેમની છાપ મારવામાં આવી છે. તો જો પ્રેસવાળાઓ તરફથી ધર્મ વિરૂદ્ધ ફેરફાર કરી છપાવ્યું હોત તો ફેલાવવામાં આવત નહીં. વળી એ કામ વિશ્વાસઘાતનું છે કે હું કંઇ લખીને આપું પ્રેસવાળા ઉપર વિશ્વાસ રાખીને અને તે મારા લખાણને બદલીને છાપે તો સરકારી ગુનોહ લાગુ પડતે અને રાજા સાહેબ પ્રેસવાળાને પકડાવતે. વળી મારા માણુસ પુરૂફ તપાસતા હતા એટલે તે તપાસેલાં પ્રમાણે પ્રેસવાળાને છાપવું ફરજ છે. ફરી તે ફેરવી શકે નહી. વળી તે પુસ્તક છપાયા પછી અમારે કબજે આવ્યું. અમે તેને વાંચ્યું અમારા મળતા ભાઇઓએ વાંચ્યું તો જો તેમાં લખેલી હત્યા તથા યજ્ઞમાં માંસ વાપરવાનું જે તેમાં છે તે અમારૂં લખેલું નહોત તથા ધર્મ વિરૂદ્ધ હોત તો અમે તે પુસ્તકનો ફેલાવો કરતે નહીં પણ તેની હજાર નકલો પાંચ વર્ષમાં ખપી ગઇ ત્યાર પછી બીજી આવૃત્તિ છાપી **વકીલ** તમો કહો છો કે સંસ્કારવિધિ સંવત ૧૯૩૩ માં છપાઇલીના પૃષ્ટ ૧૧ માં માંસ ખાવાનું મેં લખ્યું છે. લો આ સંસ્કાર વિધિ એમાં કંઇ જગ્યા છે?

દયાનંદ આ તો બીજી આવૃત્તિની છપાયલી છે. એમાં એ વાત નથી? **વકીલ** એમાં કેમ નથી? દયાનંદ સત્યાર્થની જેમ એમાં પણ બે બીજી આવૃત્તિમાં ફેરફાર કર્યો છે. **વકીલ** લોકો કહે છે કે છાપખાનાવાળા એ વાત પોતાના તરફથી દાખલ કરી છે. **દયાનંદ** એ કદી બનવા જોગ નથી તેના કારણો ઉપર દર્શાવી આવ્યો છું. છાપતાં કોઇ અક્ષરની ભૂલ આવે તથા એક બે લીટી ગફલતથી રહી જાય એ બનવા યોગ્ય છે પણ પ્રેસવાળા તરફથી બે ચાર લીટી વધી જાય એ અસમ્ભવિત છે.

પ્રતિવાદિના વકીલના સવાલો. પ્રથમ આવૃત્તિ અને દ્વિતીય આવૃત્તિમાં માત્ર માસ વિષે યથોજ ફેરફાર તમે કર્યો છે? **દયાનંદ** ઘણી બાબતો મેં ફેરવી કાઢી છે. તેમ માંસ વિષય પણ ફેરવ્યો છે. જો કોઇ માણસ પ્રથમ આવૃત્તિ તથા દ્વિતીય આવૃત્તિના સત્યાર્થને જુએ તો તે કદી કહેશે નહિ કે આ બન્ને એકજ પુસ્તક છે.× **વકીલ** એવો ફેરફાર કરવાનું કારણ? **દયાનંદ** જેવો દેશ તેવો વેશ પ્રથમ આવૃત્તિ વખત મારા ગોઠયા તથા મારા માન નારા જુદા હતા અને દ્વિતીય વખત કેટલાક શેઠ શાહુકારો બીજા જુદા હતા એટલે તેમ કરવુંજ જોઇએ **વકીલ** તો હિંસા વિષે હવે આપનો શો મત છે? **દયાનંદ** જેવો પ્રથમ હતો તેવોજ છે. અને તે મત ખુલ્લો નહીં પણ ઇશારાથી દ્વિતીય આવૃત્તિમાં જણાવ્યો પણ છે. અને તેને મોલવી ગુલામ મોહમ્મદ (૨૯) સમજી પણ ગયા છે. અને તેથી મને તેવણની લખેલી "સત્યાર્થ પ્રકાશનું ખંડન" માં કેટલીક વાતો સાંભળવી પડી છે. તેમ આર્યાસમાજની બે પાર્ટીમાંની માંસ પાર્ટી પણ મારી મતલબને સમજી ગઇ છે જેથી તેઓ માસ ખાય છે એટલુંજ નહીં પણ માંસ ખાવા વિષે ઉપદેશ કરે છે અને એ વિષયમાં ચોપડીઓ બહાર પાડે છે, હવે તે ઇશારો આ છે.

જે કામ કરવું ગુનોહ તે કામ કરાવવું પણ ગુનોહ છે એ ખુલ્લું છે તો સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૨૫૫ માં માંસ ખવરાવવાનું લખી માંસાહારનો મેં ઇશારો કર્યો છે. વળી સત્યાર્થ પૃષ્ટ ૪૩૦ માં મેં જૈનોને

× એ વિષે "આર્યા શમાજકી પોલ" ઉર્દુ ભાગ ૩ જામાં આર્યાસમાજ તરફથી ઘણા દેશમાં ઉપદેશ કર્તા પંડિત જગદીશાં પ્રશાદ વરમાં તે નવા મુસલમાન અબ્દુલ અજીજે ઘણું ઉમદા લખાણ કર્યું છે. પણ અફસોસ કે છપાયું નથી. ગુ. મો.

કર્યું છે. પીડા દીધા વિના કોઇ જીવનો કિંચિત. પણ નિર્વાહ થઇ શકતો નથી" વળી સત્યાર્થે પૃષ્ટ ૨૪૦ ૨૪૩માં મેં લખ્યું છે. કે ઝાડ પાનમાં માણસોનોજ જીવ અવતારથી ગયો છે. તો જ્યારે પીડા આપવી અગત્યની કરી ઇશ્વરે વગર પીડા આપે અમારો ગુજરો રાખ્યો નથી અને ઝાડ પાન ખાઇ રહ્યા છીએ તો એ ઇશારાથી માંસ ખાવું સિદ્ધ થાય છે. વળી સત્ય પૃષ્ટ ૪૩૪ માં મેં પાણીમાં કીડા માન્ય કર્યા છે. અને માઇ-ક્રોસ કોપ (સુક્ષ્મદર્શક યંત્ર) તથા બાઇસ કોપથી જણાય છે કે તે કીડાને હાથ પગ વગેરે પાંચ ઇંદ્રિઓ પણ છે. અને એ પ્રાણીઓને મારવું તો અગત્યનું છે, તે વગર છુટકો નથી અને એવાં ઉત્પન્ન કરવામાં ઇશ્વરની કૃપામાં ફેર પડતો નથી, તો બીજા પશુઓને મારવાનો હુકમ આપવામાં તેની કૃપામાં ફેર પડે નહીં. વળી પ્રથમની આવૃત્તિની વેળા જે મનુસ્મૃતિ છપાયલી હતી તેજ હાલમાં પણ અનેક ભાષામાં છે. અને તેના અધ્યાય પાચમામાં માંસ ભક્ષણ પશુ હત્યા ઘણા લંબાણથી લખેલાં છે. છતાં મેં તે સ્મૃતિને બીજી આવૃતિમા પણ આધાર લેવા લાયક ગણી છે એટ-લુંજ નહીં પણ ઘણા શ્લોકો તે સ્મૃતિના મેં વાપર્યા છે. આથી પણ મેં ઇસારો કર્યો છે કે તેમાં જે માંસ ખાવાનું છે તે કાયદાસર છે, નહીં તો હું તે સ્મૃતિને વાપરતેજ નહીં એટલુંજ નહીં પણ જેમ બીજા પુસ્ત-કોની નિન્દા કરી તેમ તેની પણ હું કરતે વળી પ્રથમ આવૃતિના પૃષ્ટ ૩૦૨માં લખ્યું છે કે જો કોઇ પણ માંસ નહીં ખાય તો પશુ પક્ષીઓ વગેરે એટલાં વધે કે જેટલાં છે તેથી હજાર ઘણા થાય. ફરી ઇનસાનોને મારવા લાગે અને ખેતરમાં અનાજ થાય નહીં!+ એટલે હત્યા કરવામાં બીજા લાભની સાથે હાનિકારક પશુને દૂર કરવાનો લાભ પણ છે, એજ વાતને બીજી આવૃતિ (પૃષ્ટ ૨૫૫)માં હાનિકારક પશુને મેં મારવાનુ લખ્યું છે. વળી સુવાવડીને ખાવા માટે સસરૂતના પુસ્તકનો બીજી આવૃ-તિમાં હવાલો કર્યો છે, તે પુસ્તકમાં માંસ ખાવાનું છે તેથી પણ ઇશારો કર્યો છે. **વકીલ** ગાય ઉત્તમ કે માણુસ ઉત્તમ? **દયાનંદ** માણુસ ઉત્તમ એજ માટે તે અમારે તાબેદાર છે ને તેથીજ એનું દુધ ઘી માણુસ લે છે. એના બચ્ચાં બળદને ખેતીમાં ગાડામાં વાપરે છે. તેથીજ મેં માણુ-સને માટે એને મારવાનું લખ્યું છે **વકીલ** તો ગાયની ખાતર માણુસનો

+ આથી તમો સમજી શકશો કે ગાય પાળવું લાભકારક છે તેમ તેને મારવું પણ લાભકારક છે એટલુંજ નહીં પણ દુધ ઘી અને સુત્રની. ખાતર પાળવા કરતાં અનાજને માટે મારવું ઘણું અગત્યનું છે. ગુ. મો.

વધ કરવા નીકળે તે કેવા? **દયાનંદ** અણુસમજ અને અજ્ઞાની છે. **વકીલ** તમે પોતે ઋગવેદ ભાષ્ય પૃષ્ટ ૨૧૪૯, ૨૧૫૧ માં રૂગ મં. ૧ સૂ. ૧૨૧ મં. ૯, ૧૦ માં તથા તેના ભાવર્થમાં ગાય મારનારને મારવાનું લખ્યું છે તે શા માટે લખ્યું? **દયાનંદ** સ્વરાજ્યના લોભમાં મારેથી આ લખાઇ ગયું છે અને મને કંઇ ભાન રહ્યું નહી. **વકીલ** તમે સત્યાર્થમાં નિયોગ.

કોરટ નિયોગની વાટ પૂછી ટમે કેસ ઘણો લાંબો કર્યો છે માટે હવે પૂછવાનો હુકમ નથી. આ ઉપરથી વકીલે કેસ બંધ કીધો વકીલોની તકરારનો વખત નિમાંનો. પણુ સુરતના કેટલાક વકીલોની ટેવ પ્રમાણે વાદીનો વકીલ હાજર થયો નહીં અને પ્રતિવાદીનો વકીલ એમ કહીને રૂા. ૧૦૦ માંગવા લગ્યો કે મારે એક ખૂનીના કેસમાં જવું છે માટે હું મારા સો રૂપીઆ ખોટા કરી આવું નહીં. આથી બંને પક્ષ આવા કરાવ ઉપર આવ્યા કે કોરટ જે કરે તે ખરૂં તકરાર કરતા નહીં.

ન્યાયાધીશનો ચુકાદો.

દયારામ હેલાભાઇએ આ કોરટમાં એવી મતલબની ફર્યાદ કરી કે પ્રતિવાદી અબ્દુલ્લાહ રહીમભાઇ પશુ હત્યા કરે છે તથા ભાષણુમાં હિન્દુઓના શાસ્ત્રોનું નામ લઇ હિન્દુઓને પશુ હત્યા કરવાનું તથા માંસાહાર કરવાનું કહે છે જેથી અમારૂં દિલ દુઃખે છે. તે ઉપર લંબાણુથી તપાસ કરતાં ખુદ વાદીની જબાનીથી તથા તેના સઘળા સાક્ષીઓની જબાનીથી જણાયું કે પશુ હત્યા હિન્દુઓના શાસ્ત્રમાં છે. અને તે સાક્ષી ના. ૧લો તથા ૪થો વધું એમ પણુ જણાવે છે કે કુરાઆનમાં પણુ ગૌહત્યા માંસાહાર છે. આ ઉપરથી નિશ્ચય થાય છે કે પ્રતિવાદીએ વગર જરૂરના બે સાક્ષીઓ રજુ કર્યા જેઓ બંને મોટા ધર્મગુરૂ છે. તેઓ પણુ પોતાની ઝબાનીમાં ખુલ્લું કહે છે કે હિન્દુ ધર્મમાં માંસ ખાવાનું છે. તથા બચાવના બીજા સાક્ષીના પુસ્તક સત્યાર્થ પ્રકાશથી સિદ્ધ થાય છે કે મુસલમાની ધર્મમાં પણુ માંસ ખાવાનું છે. સુધારામાં સાક્ષીઓ જણાવે છે કે હિન્દુ ધર્મમાં માંસ ખાવાનું છે પણુ હમો માનતા નથી. એથી પ્રતિવાદીને જરાએ નુકશાન નથી કારણુ કે તેઓ નહીં માને એ તેઓની ખુશી, પણુ તેથી પ્રતિવાદીએ તમારા શાસ્ત્ર વિરૂદ્ધ શું કર્યું? તેણે તો પોતાના કુરાન તથા તમામ શાસ્ત્રો પ્રમાણે ભાષણુ કીધું. અને જ્યારે એ સાક્ષીઓ પોતાના

ધર્મના પુસ્તકોને નહીં માને તો ફરી તેઓ હિન્દુ ક્યાં ર
વાતોને ધ્યાનમાં લઇ હું પ્રતિવાદીને ઘણા માન સાથે છે.
આવા મોટા પ્રતિવાદી વિદ્વાનને નકામા તકલીફ આપી તેનાં
૧૦૦ અંક સો નુકશાનીના વાદી પાસેથી પ્રતિવાદીને અપાઉં છું.

ચાલુ કેસમાં નિયોગ વિષે જે અજવાળું પડયું તે વિષે ખાસ વિવેચન કરવા આ જજમેન્ટ હું અગત્યનું જાણું છું. તે એ કે યુરૂપના કેટલાક વિદ્વાનોના મત છે કે માણસની ઉન્નતિ ધીમે ધીમે થઇ છે. હજારો વર્ષના સુધારાથી હાલનું માણસ સુધરીને થયું છે, શરૂ પેદાએશમાં તે જાનવર સરખાં હતાં. ફરી ધીમે ધીમે સુધરતાં ગયાં, ધીમે ધીમે સુધારનાર નીકળ્યા+ એટલુંજ નહી પણ ડારવીન જેવાઓનો તો મતજ આ છે કે માણસની ઉત્પત્તિ જીવજંતુઓમાંથી થતી પશુઓમાંથી થઇ છે. તો થઇ શકે છે કે મનુજીના પહેલાં ઢોરોની જેમ એક બીજાની મા બહેન વાપરતા હોય અને જેમ પશુમાં એ રિવાજ છે તેવો રિવાજ રહ્યો હોય ફરી મનુના વખતમાં સુધારો થઇ વંશ નષ્ટ થવાને વખતે જરૂરતને માટે એક બાળકની ઉત્પત્તિ માટે એ નિયોગ રહ્યો (મનુ ૯, ૬૦) જેમકે સાક્ષી ના. ૧ની જબાનીથી જણાય છે અને એટલાને પણ હેવાનીયતનું કામ તથા સાધુઓ આગળ નિંદાયુક્ત ગણાતું (મનુ ૯, ૬૬, ૬૮) જેમકે સાક્ષી ના. ૪ની જબાનીથી જણાય છે. અને ફરી તે નિયોગ તદ્દન મટી ગયો હતો. આ કેસ સિવાય મેં કદી નિયોગનું નામ પણ સાંભળેલું નહોતું, તે દયાનંદજીના ખાસ ઉપદેશથી શરૂ થયો છે. હવે જો એનો પ્રચાર વધ્યો તો યુરોપનો સુધરેલો દેશ હાલ વ્યભિચારને લીધે બગડેલો ગણાય છે; તેમાં ફ્રેન્ચ દેશ એવો દુર્દશામાં આવી પડયો છે કે લોકો પરણવાને પસંદ કરતા નથી અને બહાર ફરતું સામાન્ય થઇ ગયું છે તે પ્રમાણે હિન્દુસ્તાનમાં બગાડો વધશે એવી ધાસ્તી છે. એટલુંજ નહીં પણ તેથી વધારે બગાડો ફેલાશે. કારણ કે યુરૂપમાં તો વિવાહ કર્યા પછી એક તરેહના બંધનમાં રહેવું પડે છે પણ આ નિયોગ તો પરણેલાઓને વધારે સપાવે છે, માટે એને અટકાવવાની ઘણીજ જરૂર છે, હું એ નિયોગને વ્યભિચાર માનું છું. પણ મારે અફસોસ સાથે કહેવું પડે છે કે ઇંગ્રેજ

+ આ વાત ખ્રીસ્તી, યાહુદી, તથા ઇસ્લામી ધર્મ વિરૂદ્ધ છે. આ ત્રણે ધર્મ માને છે કે પ્રથમ માણસ આદમ છે અને તે પેગમ્બર હતા એટલે સુધારનાર માર્ગ બતાવનાર શરૂથીજ છે અને શરીયત પણ શરૂથીજ છે ગ. સો.

બાંધનારી સભામાં બે મોટા ધર્માધ્યક્ષો હતાં છતા વ્યભિચાર માટે કોઇ રોકાણ કે ગુનોહ ગણ્યો નથી, જેથી .. વેશ્યાઓનો વધારો થતો જાય છે. એ કારણથી હું નિયોગ કરનારને પીનલકોડ પ્રમાણે ગુનેહગાર ઠેરવી શકતો નથી, અગરજો મારૂં અંતઃકરણ તેને ગુનાહનું કામ જાણે છે. પણ હિંદુઓના આગેવાનોને ભલામણ કરૂં છું કે તેઓ પોતપોતાની ન્યાતીમાં બંદોબસ્ત કરી એ ભુંડાં કામનો પ્રચાર અટકાવે. અને એ વિષે હું વડી સરકાર ઉપર લખાણ કરીશ.

તા ૧૭ મી જુન સને ૧૯૦૯. એસ. પી. જેકબ (સાહેબ)

છેવટમાં આદેમે ઇસ્લામ મોહમ્મદ હુસૈન રાંદેરીની મહારા દીની ભાઇઓ સામે એટલી અરજ છે કે આપણાં ગુજરાત દેશમાં આર્યો તરફથી જે જે ચોપડીઓ અથવા પુસ્તકો કે હેન્ડબીલો નીકળે તેને મહેરબાની કરી હમારા ઉપર પોસ્ટની મારફતે મોકલવા મહેરબાની કરશો કારણ કે આર્યો જે કામ કરવાના તેને તેઓ બનતા સુધી રાંદેરના ઉલમાઓથી છુપાવવાની કોશીશ કરે છે. આજે તેઓના બધા લખાણોના જવાબો લગભગ ૨૮ વર્ષથી રાંદેરવાળા મૌલાના ગુલામ મોહમ્મદ સાહેબ (૨૯) કુતુબખાના સાદેકીઅહવા ૧ કે જેવણે પુસ્તકના રૂપે કે ચોપડીના રૂપે બહાર પાડેલા છે તથા હુમોએ પણ આ ચોપડી પહેલી આર્યધર્મની કસોટી તથા ઇસલામ પ્રચારક ભાગ ૧–૨ જે છપાવી પ્રગટ કરી હતી પણ તેનો જવાબ હજુ સુધી તેઓથી થયો નથી એટલુંજ નહી પણ મૌલાનાએ પોતાના પુસ્તકોને ઈંગ્રેજીમાં કરાવી હિન્દુસ્તાન તથા પંજાબમાં પણ હજારો આર્યોમાં વહેંચાવી હતી પણ કોઇએ તેનો જવાબ આપ્યો નથી અને ઇન્શાલ્લાહ હજુ પણ અપાશે નહીં.

ખુદા પાકનો લાખ લાખ શુકર છે કે તેણે પ્રધર્મિઓના ખંડનો વિ[illegible] જે જે સગવડો અત્રે કમતી હતી તે પણ પુરી કરાવી આપી છે. પણ [illegible] સગવડોને તેની જગ્યા કામમાં લેવાની તોફીક મારા ભાઇઓ વિષે [illegible] માલેકથીજ હું ચાહું છું. વસ્સલાતો અસ્સલામ.

લી૦ મોહમ્મદ હુસૈન રાંદેરી.
મેનેજર મદ્રેસા મોહંમદીયા અરબિયા.
રાંદેર, જી. સુરત.

સમાપ્ત.